કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીમાં સ્પેશ્યલ કમિશ્નર–એસબીએમ (ગ્રામીણ)ની જગ્યાને વર્ષ ૨૦૧૬–૧૭ ની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બીયુડી/૧૦.૨૦૧૬/૩૫૯૭૩/ખ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૦૪/૦૬/૨૦૧૬

વંચાણે લીધાઃ–

(૧) પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગનો તા. ૬/૨/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ ટીએસી/ ઈએસટી/ ૧૦૨૦૧૨/ એસએફએસ/૫/ખ.૨

(૨) પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગનો તા. ૨૦/૧/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ આઇડીબી/૧૦૨૦૫/૨૦૯(પાર્ટ ફાઇલ)/ખ-૧

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨/૦૬/૨૦૧૫ ના જાહેરનામા નં. એઆઈએસ/૩૫ ૨૦૧૫/૧૪/ગ

**આમુખ :**

પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ નં.ટીએસી/ઈએસટી/૧૦૨૦૧૨/ એસએફએસ/૫/ખ.૨, તા. ૬/૨/૨૦૧૨ થી ટોટલ સેનિટેશન કેમ્પેઈન (ટીએસસી) રાજય, જિલ્લા અને તાલુકા કક્ષાનું વહીવટી માળખું મંજુર કરવામાં આવેલ છે. આ માળખામાં રાજય કક્ષાએ સ્ટેટ કો.ઓર્ડીનેટરની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે જેમાં આ જગ્યા પર કરાર આધારિત/ રેગ્યુલર/ નિવૃત્ત સરકારી અધિકારી (આઈએએસ/ આઈએફએસ/ગેસ કેડર) થી આ જગ્યા ભરવાનું ઠરાવેલ છે. અને દશ વર્ષનો સરકારી કામકાજનો અનુભવ પણ નકકી કરેલ છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) એ કેન્દ્ર અને રાજય સરકારનો ફ્લેગશિપ કાર્યક્રમ છે. સાર્વત્રિક સ્વચ્છતાને આવરી લેવા અને સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયત્નો ઝડપી બનાવવા અને ગ્રામીણ વિસ્તારોમાં ઘન અને પ્રવાહી કચરાની વ્યવસ્થા પ્રવૃત્તિઓ મારફત અને ગ્રામ પંચાયતોને ખુલ્લામાં શૌચ જવાથી મુકત બનાવીને ચોખ્ખી અને સ્વચ્છ ગ્રામ પંચાયતો બનાવવા માટે સને ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારત બનાવવાની નેમ વ્યકત કરવામાં આવેલ છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નું અસરકારક અને ઝડપી અમલીકરણ થાય તે માટે સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨/૦૬/૨૦૧૫ ના જાહેરનામા નં. એઆઈએસ/૩૫ ૨૦૧૫/૧૪/ગ થી સચિવ કક્ષાના અધિકારી શ્રી આર.એમ.જાદવ, આઈ.એ.એસ.ની નિમણૂંક સ્પેશ્યલ કમિશ્નર –એસબીએમ તરીકે કરવામાં આવેલ છે.

સ્ટેટ કો.ઓર્ડીનેટરની જગ્યા રદ કરવાની શરતે સ્પેશ્યલ કમિશ્નરશ્રી –એસબીએમ ની જગ્યાની મંજૂરી આપવામાં આવેલ હોઈ, સ્ટેટ કો.ઓર્ડીનેટરની જગ્યા રદ થયેલી ગણાશે.

પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ નં.ટીએસી/ઈએસટી/૧૦૨૦૧૨/એસએફએસ/પ/ખ.૨ તા. ૬/૨/૨૦૧૨ માં સ્પેશ્યલ કમિશ્નર–એસબીએમની જગ્યા મંજુર થયેલ ન હોઈ કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીમાં સ્પેશ્યલ કમિશ્નર–એસબીએમ(ગ્રામીણ) આઈ.એ.એસ. કક્ષાની જગ્યા ઉભી કરવાની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

રાજ્ય સરકાર પુખ્ત વિચારણાના અંતે કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીમાં સ્પેશ્યલ કમિશ્નર (એસબીએમ–ગ્રામીણ) આઈ.એ.એસ. કક્ષાની ૧ જગ્યા માટે રૂા. ૧૭.૪૦ લાખ ( અંકે રૂપિયા સત્તર લાખ ચાલીસ હજાર પુરા) ની નવી બાબતનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવા આપવા ઠરાવે છે.

શરતો :

૧. પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ નં.ટીએસસી/ઈએસટી/૧૦૨૦૧૨/એસએફએસ/પ/ખ.૨ થી ઉભી કરાયેલ સ્ટેટ કો-ઓર્ડિનેટરની જગ્યા રદ કરવાની શરતે સ્પેશ્યલ કમિશ્નર(એસબીએમ)ની જગ્યાની મંજૂરી આપવામાં આવેલ હોઇ સ્ટેટ કો-ઓર્ડિનેટરની જગ્યા રદ થયેલ ગણાશે.

૨. વર્ષ ૨૦૧૬–૧૭માં રુા. ૧૭.૪૦ લાખની નવી બાબતતી રાજય કક્ષાની કુલ–૧ સ્પેશ્યલ કમિશ્નર(એસબીએમ)આઇ.એ.એસ.ની જગ્યા પગાર ધોરણ રુા. ૩૭૪૦૦–૬૭૦૦૦– ગ્રેડપે–૧૦,૦૦૦ના પગાર ધોરણ વાળી જગ્યા મંજૂર કરવામાં આવે છે.

૩ આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો, પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરંડર કરવાની રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામા આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૯. વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલા સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૦. વિભાગે ડ્રાયવર અને વર્ગ–૪ ની જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

૧૧. જે તે જગ્યાઓના પગારધોરણ આર.ઓ.પી. ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૧૨. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતોવખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

૧૩. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

૧૪. આ જગ્યાઓ ઉપર ભરતી સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૫. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૬. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૭. નવી મંજુર કરેલ જગ્યાએ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની

મુદત પુરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં સ્પેશ્યલ કમિશ્નર (એસબીએમ) ની જગ્યાનો ખર્ચ નીચેના બજેટ સદરે જોગવાઈ કરવામાં આવેલ છે.

માગણી ક્રમાંક: ૭૧ (આયોજન)

મુખ્ય સદર : ૨૫૦૧ ગ્રામીણ વિકાસ માટેના ખાસ કાર્યક્રમો

પેટા મુખ્ય સદર : ૦૬ સ્વરોજગાર કાર્યક્રમો

ગૌણ સદર : ૦૦૧ નિર્દેશ અને વહીવટ

પેટા સદર : (૦૨) કમિશ્નરેટ ઓફ રુરલ ડેવલપમેન્ટ

આ હુકમ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૨/૦૫/૨૦૧૬ ની નોંધથી સંમતિ મેળવીને કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.જી. બધિયા)
સેકશન અધિકારી
પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

**નકલ રવાના :**

૧. માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રમુખ્ય સચિવશ્રી, ગાંધીનગર
૩. તમામ માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. સચિવાલયના સર્વે વિભાગો.
૧૪. અધિક કમિશ્નરશ્રી, ગ્રામવિકાસ, કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર
૧૫. અધિક વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર
૧૬. સર્વે કલેકટરશ્રીઓ.
૧૭. ચેરમેન–વ–જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૧૮. નિયામકશ્રી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, તમામ, — કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી મારફત
૧૯. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
૨૦. સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – **ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.**
૨૦. સેકશન અધિકારી, ખ-૨ શાખા પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨૧. શાખા ફાઈલ/ પસંદગી ફાઈલ